RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઇન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 20 June 2024, Thursday | Page : 10 | Year : 1 | Issue : 209 | Price: 2/-



મ્યુ.કમિશનરનો સપાટોઃ ટીપી શાખામાં બુલડોઝર ફેરવી દીધું !

વાંચો પેજ નં. 6

# 1.18 લાખ બેકાર ટાટ સામે 7500 શિક્ષકોની ભરતી કરાશે


## 2.65 લાખ ટેટ પાસ અને 1.18 લાખ ટાટ પાસ ઉમેદવાર બેકાર

### ■ છેલ્લાં 10 વર્ષમાં 18,382 શિક્ષકની કાયમી ભરતી

ભારત હેડલાઇન, તા.૧૯

રાજ્ય સરકાર દ્વારા જ્ઞાન સહાયકોની કરાર આધારિત ભરતી સામે ટાટ-ટેટ પાસ ઉમેદવારોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. જેને પગલે છેલ્લા બે દિવસથી ગાંધીનગરમાં આક્રમક બનીને ઉમેદવારો આંદોલન કરી રહ્યા હતા. આ આંદોલના ૨૪ જ કલાકમાં રાજ્ય સરકારે ૭૫૦૦ શિક્ષકોની ભરતી કરવાની જાહેરાત કરી છે. જો કે, ૧.૧૮ લાખ બેકાર ટાટ પાસ ઉમેદવારો સામે ૭૫૦૦ શિક્ષકોની જ ભરતી કરવાનો નિર્ણય લીધો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે મળેલી કેબિનેટ બેઠકમાં થયેલી ચર્ચા સંદર્ભે પ્રવકતા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે રાજ્યની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સરકારી તથા ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં આગામી ત્રણ મહિનામાં ૭,૫૦૦ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરાશે. રાજ્યની ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં TAT-Secondary અને TAT-Higher Secondary પાસ ઉમેદવારોની યોગ્યતાના આધારે કસોટી પ્રમાણે કાયમી ભરતી કરાશે. તેમણે વધુમાં કહ્યું, TET-1 અને TET-2 ઉમેદવારોની પણ ભરતી પ્રક્રિયા ટૂંક સમયમાં હાથ ધરવામાં આવશે. વધુ વિગતો આપતાં મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે માધ્યમિક એટલે કે ધોરણ ૯ અને ધોરણ ૧૦ની સરકારી શાળામાં કુલ ૫૦૦ અને ગ્રાન્ટ-ઈન-એડ શાળામાં ૩,૦૦૦ એમ કુલ ૩૫૦૦ TAT-1 પાસ થયેલા ઉમેદવારોની ભરતી કરાશે. જ્યારે ઉચ્ચર માધ્યમિક એટલે કે ધોરણ ૧૧ અને ધોરણ ૧૨માં સરકારી શાળામાં ૭૫૦ અને ગ્રાન્ટ-ઈન-એડ શાળામાં ૩૨૫૦ એમ મળીને TAT-2ના કુલ ૪૦૦૦ જેટલા ઉમેદવારોની ભરતી કરાશે. તાજેતરમાં ૧૫૦૦ જેટલા HMAT પ્રિન્સિપાલની ભરતી રાજ્યની ગ્રાન્ટ-ઈન-એડ શાળાઓમાં કરવામાં આવી છે. અત્રે નોંધનીય છે કે રાજ્યમાં છેલ્લાં ૧૦ વર્ષમાં કુલ ૧૮,૩૮૨ જેટલા શિક્ષકોની કાયમી ભરતી કરવામાં આવી છે.



# કચ્છના દરિયા કિનારેથી ડ્રગ્સના નવા 19 પેકેટ મળ્યા



ભારત હેડલાઇન, તા.૧૯

કચ્છના દરિયા કિનારેથી ડ્રગ્સના ૧૯ પેકેટ મળ્યા છે. જેમાં જખૌ દરિયા કિનારેથી ડ્રગ્સના બિનવારસી પેકેજ મળ્યા છે. તેમાં BSFના પેટ્રોલિંગ દરમિયાન પેકેટ મળી આવ્યા છે. ત્યારે ૧૮ જૂને BSFને ડ્રગ્સના ૨૩ પેકેટ મળ્યા હતા. કચ્છના દરિયા કિનારેથી બિન વારસુ ડ્રગ્સના પેકેટ મળતા સ્થાનિકોમાં ચર્ચા શરૂ થઇ છે. કચ્છના દરિયા કિનારેથી સતત માદક પદાર્થના પેકેટ મળી રહ્યા છે. ગુજરાતનો દરિયો કિનારો હવે ડ્રગ્સ માફિયાઓ માટે ડ્રગ્સનું એપી સેન્ટર બની ગયું છે. ત્યારે કચ્છ અને દ્વારકા બાદ પોરબંદરના દરિયા કિનારા પર પણ ડ્રગ્સના પેકેટ મળ્યા હતા. પોલીસ વિભાગે સત્તાવાર રીતે સાત પેકેટમાં ૮ કિલો ૧૯૨ ગ્રામ ડ્રગ્સ હોવાનું જણાવ્યું છે. આ પેકેટની એટલે કે મરેઝુઆનાની (હાસીશ ) કિંમત ૧૨ લાખ હોવાનું જાહેર કર્યું છે.

# અયોધ્યા રામ મંદિરમાં ગોળીબાર, એક જવાનનું મોત

ભારત હેડલાઇન, તા.૧૯


અયોધ્યામાં રામ મંદિરની સુરક્ષા માટે તૈનાત એક જવાનનું ગોળી વાગવાથી મોત થયું છે. આ ઘટના આજે સવારે ૫.૨૫ કલાકે બની હતી. આ જવાનનું નામ શત્રુઘ્ન વિશ્વકર્મા છે. સૂત્રોએ જણાવ્યું કે ઘટના સમયે કોટેશ્વર મંદિરની સામે બનાવવામાં આવી રહેલા વીઆઈપી ગેટ પાસે સૈનિક તૈનાત હતો. રામ મંદિરનો મુખ્ય ભાગ અહીંથી માત્ર ૧૫૦ મીટર દૂર છે. ઘટના સમયે શત્રુઘ્ન પાસે અન્ય સૈનિકો તૈનાત હતા. ગોળી સીધી જવાનના કપાળ પર વાગી હતી. જેનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું.

# ‘મહારાજ’ની રિલીઝ પર સ્ટે યથાવત, હાઈકોર્ટના જસ્ટીસ ફિલ્મ જોવા જશે

### ■ ફિલ્મ જોયા બાદ સ્ટે મુદ્દે નિર્ણય લેવાશે

ભારત હેડલાઇન, તા.૧૯

મહારાજ ફિલ્મ વિવાદ પર હાઈકોર્ટમાં સુનાવણી થઇ છે. જેમાં ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ ફિલ્મ જોશે જે બાદ કોર્ટ નિર્ણય લેશે. તેમાં વધુ સુનાવણી હાઈકોર્ટમાં આવતીકાલે હાથ ધરાશે. મહારાજા ફિલ્મ જોવા માટે ફિલ્મ નિર્માતા વકીલે રજુઆત કરી હતી. તેમાં બંને પક્ષોએ જસ્ટિસને ફિલ્મ જોવા માટે રજુઆત કરી હતી. જેમાં જસ્ટિસ ફિલ્મ જોયા બાદ નિર્ણય લઈ શકે છે. હાલ મહારાજ ફિલ્મ રિલીઝ પર હાઈકોર્ટનો સ્ટે છે. તેમજ અખિલ ભારતીય સંત સમિતિના નેજા હેઠળ પંચમહાલ જિલ્લાના સાત તાલુકાઓમાંથી વડીલ સંતો અને મહંતોની ઉપસ્થિતિમાં જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી રજૂઆત કરવામાં આવી હતી. જેમાં ફિલ્મ નિર્માતા યશરાજની મહારાજ ફિલ્મ કોઈ પણ સંજોગોમાં રીલિઝ ના થાય અને હાઈકોર્ટ કાયમી તેનો પ્રતિબંધ લગાવે તેવી માંગ સાથે એડિશનલ કલેક્ટર ને આવેદનપત્ર આપીને જણાવ્યું હતું. જેમાં વિધર્મીઓ દ્વારા અવારનવાર હિન્દુ સંસ્કૃતિ સનાતન ધર્મને લાંછન રૂપ અને હંમેશા સનાતન ધર્મને નીચું દેખાડવા માટે ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના અમુક મુખ્યાઓ જેવા કે અમીરખાન. શાહરુખ ખાન અને હાલમાં આમીરખાનના દીકરા જુનેદખાન દ્વારા મહારાજા ફિલ્મો બનાવી છે.





**સરપંચ દ્વારા અપાયેલ અનેક નોટિસોને દબાણકર્તાઓએ આકાઓ દ્વારા દબાવી દીધી !?**

# લોધિકાના વડ-વાજડી ગામે નદી અને ગૌચરની જમીન પર કરાયું બેરોકટોક દબાણ

ભારત હેડલાઈન, તા.૧૯

જમીન વ્યવસ્થાનો પાયાનો કાયદો જમીન મહેસૂલ અધિનિયમ-૧૮૭૯ - ૧૫૦ વર્ષ પહેલાં ઘડાયો અને આજે અમલમાં છે. તેમાં અંગ્રેજ શાસન વ્યવસ્થાની દૂરંદેશીનો પણ ખ્યાલ આવે છે. વડવાજડી ગામે બાલાજી અને કટારીયા એન્ટરપ્રાઈઝના માલિકોએ કુદરતી નદીના પટમાં પેશકદમી કરી અને પોતાના આર્થિક ઉપાર્જન હેતુ મોટા મોટા શેડ ઉભા કરી કુદરતી સંપતિમાં અવરોધ ઉભો થાય આજુ બાજુના વિસ્તારોમાં જાહેર જોખમ ઉભું કર્યું છે. આ ઉપરાત ગૌચરની જમીનમાં પણ દબાણ કરેલ છે. આજ રીતે પંચાયતી રાજ અમલમાં આવ્યા બાદ સબંધિત ગામના ગૌચરણની જમીનો ગ્રામપંચાયતને વહીવટ માટે સુપ્રત કરવામાં આવી છે. ગૌચરની જમીનો ઉપર પણ મોટાપાયે દબાણો છે. ગુજરાત પંચાયત અધિનિયમની



**બાલાજી અને કટારિયા એન્ટરપ્રાઈઝના માલિકોએ નદીના પટમાં પેશકદમી કરી પોતાના આર્થિક ઉપાર્જન હેતુ મોટા મોટા શેડ ઉભા કરી કુદરતી સંપતિમાં અવરોધ ઉભો કર્યો !?**

જોગવાઈઓ મુજબ ગામના તલાટી, સરપંચને ગ્રામ પંચાયતને નિહિત થયેલ જમીન ઉપરના દબાણો દૂર કરવાની સત્તાઓ આપેલ છે. પરંતુ અનુભવ આધારે કહી શકાય કે સ્થાપિત હિતો દ્વારા સ્થાનિક સત્તાધિકારીઓના મેળા પીપળામાં દબાણ થાય છે જે દૂર થતા નથી. જેથી રાજ્યમાં મોટા ભાગે ગૌચરની જમીનો ઉપર દબાણો થયા છે. જીલ્લા પંચાયત હસ્તકનું દબાણ સેલ છે. આમ સરકારી, ગૌચરની જમીનો સ્થાનિક સત્તા મંડળોની જમીનો ઉપરના દબાણો દૂર કરવાની સબંધિત કાયદાની જોગવાઈઓ ઉપરાંત સરકારે લેન્ડ ગ્રેબીંગ એક્ટ ઘડેલ છે અને આ કાયદા હેઠળ અસરકારક માધ્યમ એ છે કે ફોજદારી કાર્યવાહી કરવાની છે. આ કાયદો ઘડાયાને લગભગ ૨ વર્ષ જેટલો સમય ગાળો થયેલ છે. પરંતુ આજ દિન સુધી દાખલારૂપ કાર્યવાહી થઈ હોઈ તેવું

## ડબલ એન્જિન સરકારની ગાડીમાંથી જોડીયા તાલુકાનો વિકાસ કોના પાપે પાટાથી નીચે ઉતરી ગયો !?


# બંદરનો વિકાસ પણ ખાડે ગયેલા હોય, રાજકીય નેતાઓ કેમ ચૂપ?



ફાઈલ તસવીર

## વડાપ્રધાને ડીસેલીશન પ્લાન્ટ વેબ કાસ્ટથી શિલાન્યાસ કરેલ તે પ્લાન્ટનું શાસકપક્ષ કે તંત્ર દ્વારા હજુ ખાતમુહુર્ત કરવામાં પણ આવેલા નથી !

## તાલુકામાં કોઈ ગ્રાન્ટેડ અનુદાનિત કે ખાનગી અથવા સરકારી કોલેજ આવેલી નથી, જેથી દિકરી-દિકરાને શિક્ષણ મેળવીને રોજગારી મેળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે



ભારત હેડલાઈન, તા.૧૯

આશરે ૧.૨૫ લાખની વસ્તી ધરાવતા જોડીયા તાલુકાની વાસ્તવિકતા અગાઉ જણાવી હતી. હવે આગળ જોવા જઈએ તો ભારતનું એકમાત્ર સ્થળ જોડિયા કે જેમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ડીસેલીશન પ્લાન્ટ વેબ કાસ્ટથી શિલાન્યાસ કરેલ હતો. તે પ્લાન્ટનું શાસક તંત્ર દ્વારા હજુ ખાતમુહર્ત કરવામાં પણ આવેલ નથી.

શું તંત્ર અને પ્રતિનિધિઓ જોડીયા તાલુકો વિકાસની વાટે આગળ આવે તો કોઈને મુશ્કેલી પડે તેવું કઈક બહાર આવ્યુ છે અને જોડીયા તાલુકો સાગરકાંઠો ધરાવતો હોઈ તેમા અને તેમાં બંદરનો વિકાસ પણ ખાડે ગયેલ છે. બંદર દ્વારા વિવિધ પ્રકારની પેદાશોની આયત-નિકાસ પર અસર જોવા મળી રહેલ છે. તેમજ આ તાલુકામાં કોઈ ઔધોગિક એકમ પણ આવેલ. આ આસપાસના વિસ્તારોમાં કારીગરો મજુરો રોજગારી મેળવવા દુર- દુર સુધી ભટકવું પડે જોવા મળેલ છે. અને શિક્ષણક્ષેત્રે પણ જોડીયા તાલુકા પાછળ જોવા મળી રહ્યો. આ તાલુકામાં કોલેજ કોઈ ગ્રાન્ટેડ અનુદાનિત કે ખાનગી અથવા સરકારી કોલેજ આવેલ નથી. જેથી દિકરી-દિકરાને શિક્ષણ મેળવીને રોજગારી મેળવવાનો પ્રશ્ન ઉપસ્થિત થયો છે.

# પગાર ૭૦,૦૦૦, મિલકત 'માત્ર' ૧૦.૫૫ કરોડ!

## મનસુખ સાગઠિયા પાસે ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અદાણી શાંતિગ્રામમાં બંગલો; આવક કરતાં ૪૧૦% વધુ સંપત્તિ મળી

ભારત હેડલાઈન, તા.૧૯

રાજકોટના ચકચારી TRP ગેમઝોન અગ્નિકાંડ ફાયર સહિતના વિભાગના જવાબદારો સામે તપાસ ચાલી રહી છે. ત્યારે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન (RMC)ના ડે. ચીફ ફાયર ઓફિસર ભીખા ઠેબા બાદ હવે તત્કાલીન ટાઉન પ્લાનિંગ ઓફિસર (TPO)મનસુખ સાગઠિયા સામે એન્ટીકરપ્શન બ્યૂરો (ACB)એ ફરિયાદ નોંધી છે. રાજકોટ મનપાના TPO મનસુખ સાગઠિયા સામે અપ્રમાણસર મિલકતની ACBએ ફરિયાદ દાખલ કરી છે. તત્કાલીન TPO પાસે ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને



અમદાવાદમાં અદાણી શાંતિગ્રામમાં બંગલો મળી આવ્યો છે.ગત ૧૪મી જૂને આણંદના સારસાના એક કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ કહ્યું હતું કે, અમે હવે કલેક્ટર ઓફિસે જઇશુંબધી જ કિટલીઓ હવે શાંત થઇ જવાની છે. ત્યારે રાજકોટમાં ગેમઝોન અગ્નિકાંડ બાદ અપ્રમાણસર મિલકતનો સાગઠિયાસામે ગુનો નોંધાયો છે. રાજકોટના સસ્પેન્ડેડ TPO મનસુખ સાગઠિયા સામે અપ્રમાણસર મિલકતનો ગુનો નોંધાયો છે. એન્ટીકરપ્શન બ્યૂરોએ વધુ એક ફરિયાદ દાખલ કરી છે. સાગઠિયા સાથે સંકળાયેલાં ત્રણ સ્થળે દરોડા પાડ્યા હતા. તપાસમાં ૧૦ કરોડ ૫૫ લાખની અપ્રમાણસર મિલકત મળી આવી છે. સાગઠિયાની આવક કરતાં ૪૧૦% સંપત્તિ વધુ મળી આવી છે. સાગઠિયાના ભાઈની રાજકોટ ખાતેની આવેલી ઓફિસ પર પણ દરોડા પાડવામાં આવ્યા છે. રાજકોટમાં ગેસ એજન્સી, પેટ્રોલ પંપ અને અમદાવાદમાં અદાણી શાંતિગ્રામમાં બંગલો મળ્યો છે. દરમિયાન તેના વતનમાં પણ એસીબીની તપાસ કરાઈ રહી છે. એસીબીના ડાયરેક્ટર સમશેરસિંહના માર્ગદર્શન હેઠળ જોઈન્ટ ડાયરેક્ટર બિપિન આહીરે સહિતનો સ્ટાફ ત્રાટક્યો હતો.

# જામનગરમાં બાલાજી વેફરના પેકેટમાંથી મૃત દેડકો નીકળ્યો



ભારત હેડલાઈન, તા.૧૯

જામનગરમાં બાલાજી વેફરના પેકેટમાં દેડકો નીકળ્યો છે. જેમાં ગ્રાહકે ફુડ વિભાગને જાણ કરી છે. ત્યારે ફુડ વિભાગે નમૂના લઈ કાર્યવાહી હાથ ધરી છે. શહેરના પુષ્કરધામમા રહેતા જસ્મીન તાલપરાએ બાલાજી વેફર્સની ખરીદી કરી હતી. જે ખોલતા તેમા મૃત દેડકો નીકળતા ગ્રાહકમાં આશ્ચર્ય સર્જાયુ હતુ. મૃત દેડકો વેફર્સમાંથી નીકળતા ગ્રાહક દ્વારા ફુડ વિભાગને જાણ કરતા ફુડ વિભાગ દ્વારા વેફર્સ નમૂના લઈ આગળની કાર્યવાહી શરુ કરી છે. બહારના ખોરાકમાં વારંવાર આ પ્રકારીની ઘટનાઓ બનતી રહે છે. જેમાં ગ્રાહકોને જાગૃત થવાની જરૂર છે. જેમાં તાજેતરમાં અમદાવાદમાં બ્રાન્ડેડ કંપનીના પિત્ઝામાંથી જીવાત નીકળી હતી. શહેરના બોપલ વિસ્તારમાં આવેલા લા પિનોઝના પિત્ઝામાં જીવાત નીકળવાની ઘટના બની હતી. તેમજ બીજી ઘટનામાં શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં લા પિનોઝ પિત્ઝામા જીવજંતુઓ નીકળ્યા હોવાની ઘટના બની હતી. એક યુવક તેના અન્ય મિત્રો સાથે અહી પિત્ઝા ખાવા માટે ગયો હતો. ત્યારે પિત્ઝા બોક્સ ખોલતા તેમાંથી નાના-નાના જીવડા નીકળ્યા હતાં. જેને લઈને યુવકે ત્યાંના સ્ટાફને ફરિયાદ કરી હતી. જેથી તેમણે તાત્કાલિક પિત્ઝા પરત લઈ લીધો હતો અને ભૂલનો સ્વીકાર કર્યો હતો.

જોકે ગ્રાહકે બાદમાં અમદાવાદ મહાનગરપાલિકા અને પોલીસને જાણ કરતા તે પણ આવી પહોંચી હતી. સ્ટાફ તરફથી તેમને રિફંડ આપવાની વાત પણ કરવામાં આવી હતી. ગ્રાહકની ફરિયાદના આધારે અમદાવાદ મહાનગરપાલિકાની આરોગ્ય ટીમ સ્થળ પર પહોંચી હતી અને તાત્કાલિક પિત્ઝા સેન્ટરને સીલ કર્યું હતું. આ અગાઉ વસ્ત્રાપુર સ્થિત લા પિનોઝ પિત્ઝા સેન્ટરમાં પણ ગંદકી મળી આવતા એકમને સીલ કરવામાં આવ્યું હતું. શહેરના રામદેવનગર વિસ્તારમાં આવેલી કોરિયન્ડ મેરિયેટ હોટલની સેન્ડવીચમાંથી જીવાત નીકળતા ગ્રાહક દ્વારા હોબાળો કરવામાં આવ્યો હોવામાં આવ્યો હતો.આ અંગે મળતી માહિતી મુજબ હોટલમાંથી ગ્રાહક દ્વારા સેન્ડવીચ ઓર્ડર કરવામાં આવ્યા બાદ જીવાત નીકળતા ગ્રાહકે જીવાત નીકળવા અંગેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ કરી હોટલમાં હોબાળો કર્યો હતો. હોટલ તરફથી યોગ્ય જવાબ ના મળતા ગ્રાહકે હોબાળો કર્યો હતો.

# રાજકોટમાં મોટી દુર્ઘટના ટળી: ટ્રેન આવી છતાં માલવિયા ફાટક ખુલ્લું રહી ગયું; બેદરકારી બદલ ગેટમેન સસ્પેન્ડ





ભારત હેડલાઈન, તા.૧૯

રાજકોટના ગોંડલ રોડ પર આવેલ માલવીયા ફાટક પર ટ્રેન આવી છતા પણ ફાટક ખુલુ રહી ગયુ હતું. ફાટક ખુલુ રહેવા છતા પણ મોટી દુર્ઘટના સહેજમાં અટકી ગઇ હતી. ફાટક ખુલુ રહેવાની બેદરકારી બદલ ડ્યુટી પરના ગેટમેઈનને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે અને સમગ્ર બનાવની તપાસ માટે આદેશ આપી ઝડપથી રીપોર્ટ કરવા સૂચના આપવામાં આવી છે. ગોંડલ રોડ પર આવેલા માલવીયા ફાટક પર માલગાડી રાતના ૧૨ વાગે પસાર થવાની હતી. માલગાડી પસાર થતી હોય ફાટક બંધ કરવાનું ગેટમેન ભુલી જતા ફાટક ખુલુ જ રહી ગયુ હતું. ફાટક ખુલુ રહી જતા ટ્રેન ત્યાં પહોંચી ગઇ હતી. ધસમસતી આવતી ટ્રેનને જોઇને વાહન ચાલકોમાં અફરા તફરી મચી ગઇ હતી. ગેટમેનની બેદરકારીના કારણે લોકોના જીવ જોખમમાં મોકાઇ ગયા હતા. આ સમગ્ર બનાવ બાબતે રેલવે દ્વારા ફરજ પરના ગેટમેનને તાત્કાલીક સસ્પેન્ડ કરવામાં આવ્યો છે અને ફાટક ખુલ્લુ રહેવા અંગેની તપાસ કરવા આદેશ આપવામાં આવ્યો છે. રેલવેના સુત્રોના જણાવ્યા મુજબ, રાજકોટ રેલવે ડિવિઝનમાં ઈન્ટર લોકીંગ સિસ્ટમ હોવાના કારણે મોટી દુર્ઘટના અટકાવી શક્યા છે. ઈન્ટર લોકીંગ સીસ્ટમના કારણે જ માલવીયાનું ફાટક ખુલુ રહેવા છતા મોટી દુર્ઘટનાને ટાળી શક્યા છે. કારણ કે, ઈન્ટર લોકીંગના કારણે ટ્રેન ફાટક ખુલુ હોવા છતા ઓટોમેટીક સ્ટોપ થઇ જતી હોય છે. આ બનાવથી લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં છાશવારે ટ્રેનોના અકસ્માત સર્જાઇ રહ્યા છે અને હજારો લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે.

# રાજકોટના કોઠારીયામાં ૨૦૦ મકાનને તોડી પાડવા તંત્ર દ્વારા નોટિસ ફટકારાતા વિરોધ

**રાજકોટ શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ દીપીબેન સોલંકી, કોંગ્રેસના આગેવાન જશવંતસિંહ ભટ્ટી, રણજીત મુંધવા, રાજેશ આમરણીયા સહિતના કોંગ્રેસના આગેવાનો અસરગ્રસ્તો સાથે રજૂઆતમાં જોડાયા**

**કલેકટર કચેરીમાં લોકોના ટોળા ઉમટયા : કરાયાં સુત્રોચ્ચારઃ વૈકલ્પિક વ્યવસ્થા રૂપે મ્યુ.કોર્પો.ના કવાર્ટર ફાળવવાની માંગ સાથે અધિક કલેકટરને આવેદન આપી કાનુની લડતની અપાઈ ચેતવણી**

ભારત હેડલાઇન, તા.૧૯

રાજકોટના કોઠારીયામાં સર્વે નં.૩૫૨ની સરકારી જમીન ઉપર ખડકાયેલા ૨૦૦ જેટલા મકાનોને તોડી પાડવા માટે નોટીસ ફટકારાતા આ વિસ્તારના લોકોના ટોળેટોળા આજે જીલ્લા કલેકટર કચેરી ખાતે ઉમટી પડી આ મામલે અધિક કલેકટર ચેતન ગાંધીને આવેદન પત્ર પાઠવી ઉગ્ર રજૂઆત કરી હતી. આ વિસ્તારના અસરગ્રસ્તોએ હૈયાવરાળ ઠાલવતા આ અંગે જણાવ્યું હતું કે કોઠારીયાની સર્વે નં.૩૫૨ની સરકારી ખરાબાની આ જમીન ઉપર કેટલાક રાજકીય આગેવાનોએ કબ્જો જમાવેલ છે. આ રાજકીય આગેવાનો આ સરકારી જમીન ઉપર બિલ્ડીંગો બનાવી વેંચી રહ્યા છે. વગદારોના સરકારી જમીન પરના આ દબાણો પહેલા હટાવવામાં આવે તેવી તેઓએ માંગણી ઉઠાવી જણાવ્યું હતું કે વગદારો દ્વારા



અનઅધિકૃત રીતે ખડકાયેલા મકાનો, કારખાનાઓ, હટાવાય તો તેઓ સ્વૈચ્છાએ આ જમીન ખાલી આપશે. વૈકલ્પીક વ્યવસ્થા રૂપે તેઓને મ્યુ.કોર્પો.ના કવાર્ટર ફાળવવાની માંગણી પણ અસરગ્રસ્ત લોકોએ દોહરાવી જણાવ્યું હતું કે તેઓની આ માંગણી જો વહીવટી તંત્ર દ્વારા સંતોષવામાં નહીં આવે તો તેઓ હાઈકોર્ટના પણ દ્વાર ખટખટાવશે. રાજકોટ શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ દીપીબેન સોલંકી, કોંગ્રેસના આગેવાન જશવંતસિંહ ભટ્ટી, રણજીત મુંધવા, રાજેશ આમરણીયા સહિતના કોંગ્રેસના આગેવાનો અસરગ્રસ્તો સાથે આ રજૂઆતમાં જોડાયા હતા. વધુમાં તેઓએ જણાવ્યું હતુ કે, કોઠારીયાની આ સરકારી ખરાબાની જમીન ઉપર વર્ષોથી તેઓ કાચા મકાનો બનાવી વસવાટ કરી રહ્યા છે. તેઓને આ જગ્યા ખાલી કરવા માટે હવે તંત્ર દ્વારા નોટીસ ફટકારવામાં આવી છે. જયારે વગદારોએ પણ આ સૂચીત જગ્યામાં ખડકી દીધા છે તે તંત્રના ધ્યાને હજુ સુધી કેમ આવેલ નથી. તેઓ પ્રશ્ન પણ અસરગ્રસ્તોએ ઉઠાવી જણાવ્યું હતું કે તેઓને સરકારની કાયદાકીય જોગવાઈ મુજબ ૧૦૦ ચો.વા.ના પ્લોટ ફાળવવામાં આવે તે આવશ્યક છે. પરંતુ કાયદો ફકત ગરીબ લોકોને જ લાગુ પડાય છે તેવો તાલ સર્જાયેલ છે. વગદારોના દબાણ સામે વહીવટી તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે. આ વગદારોના દબાણો તંત્રની મીલીભગતથી ઉભા છે. જો વગદારોના આ દબાણો હટાવવામાં નહીં આવે તો તેઓ ન્યાય મેળવવા માટે કાનૂની લડતના મંડાણ કરશે. અસરગ્રસ્તોએ સૂત્રોચ્ચાર સાથે તેઓના મકાનોને ડીમોલેશન નહીં કરવા રજૂઆત કરી હતી.

# સોમૈયા પરિવારના સહયોગથી થેલેસેમીયા બાળકોને બે હજાર ફૂલસ્કેપ ચોપડાનું કરાયું વિતરણ

ભારત હેડલાઇન, તા.૧૯

રાજકોટ નિવાસી જાણીતા એસ્ટેટ બ્રોકર ગૌપ્રેમી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલ રઘુવંશી અગ્રણી દિલીપભાઈ સોમૈયાના માતુશ્રી કમળાબેન પ્રભુદાસભાઈ સોમૈયા તરફથી પ્રતિવર્ષ વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળે ભણી ગણીને આગળ વધે તેવા શુભાશયથી વિનામૂલ્યે



ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવે છે. અંકિત એસ્ટેટ વાળા સોમૈયા પરિવારના દિલીપભાઈ યોગેશભાઈ આશિષભાઈ અંકિતભાઈ તરફથી શહેરની સેવા સંસ્થા વિવેકાનંદ યુથ ક્લબના સહયોગથી કુદરતે પણ જેમની સાથે અન્યાય કરેલ છે અને રક્ત જેમનો ખોરાક છે તેવા ૫૦૦ થેલેસેમીયા પીડિત બાળકોને દરેકને ચાર લેખે બે હજાર ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવતા થેલેસેમીક બાળકો રાજીના રેડ થઈ ગયેલ હતા. આ સેવાકાર્યમાં સંસ્થાના અનુપમ દોશી, પંકજ રૂપારેલિયા, હસુભાઈ શાહ, ઉમાબેન ઘાવરી, પુનીતાબેન જીવરાજાની, કીર્તિદાબેન યાદવ, રમેશ શિશાંગિયા, કોમુ માજી વગેરે સહભાગી બનેલ હતા.

# રાજકોટ જિલ્લા આરોગ્ય સંકલન સમિતિની બેઠક યોજાઈ

- **જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણેએ નગરો અને ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય સેવાને વધુ અસરકારક બનાવવા માર્ગદર્શન આપ્યું**

ભારત હેડલાઇન, તા.૧૯

રાજકોટ જિલ્લા આરોગ્ય સંકલન સમિતિની બેઠક આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે યોજવામાં આવી હતી. જેમાં જિલ્લાના આરોગ્ય તંત્રની માળખાકીય સુવિધાઓ સાથે, આરોગ્ય સેવા-સારવાર, રસીકરણ વગેરે બાબતોની સમીક્ષા કરવામાં આવી હતી.



જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણેએ આ તકે નગરો અને ગ્રામીણ વિસ્તારમાં આરોગ્ય સેવાને વધુ અસરકારક બનાવવા માર્ગદર્શન આપ્યું હતું. રાજકોટ જિલ્લાનાં પાંચ સબ ડિસ્ટ્રિકટ હેલ્થ સેન્ટર ધોરાજી, જસદણ, ગોંડલ, જેતપુર, ઉપલેટામાં દર મહિને સરેરાશ ૭૧,૬૨૬ આઉટ ડોર પેશન્ટ સારવાર લે છે. જ્યારે ૫૧૯૧ દર્દીઓ ભરતી થઈને (આઈ.પી. ડી.) સારવાર લે છે. જ્યારે આ પાંચેય સેન્ટરમાં દર મહિને સરેરાશ ૩૬૭ પ્રસૂતિ થતી હોવાનું સામે આવ્યું હતું. આ ઉપરાંત ૧૨ સામુદાયિક આરોગ્ય કેન્દ્રો (સી.એચ.સી.) માં દર મહિને સરેરાશ ૧૬૯ પ્રસૂતિ થાય છે. જેમાં સૌથી વધુ પડધરી કેન્દ્રમાં દર માસે સરેરાશ ૫૯, કુવાડવા કેન્દ્રમાં ૪૨ તથા વિંછીયા કેન્દ્રમાં ૩૧ પ્રસૂતિ દર મહિને થાય છે. મહિલા અને બાળ આરોગ્યને પ્રાધાન્ય આપતા ગ્રામીણ વિસ્તારોમાં પ્રસુતિની સેવા વધુ સારી બનાવવા પર આ બેઠકમાં ભાર મૂકવામાં આવ્યો હતો. આ બેઠકમાં સી.ડી.એચ.ઓ. ડો.પી.કે.સિંઘ, જિલ્લા પંચાયતના આરોગ્ય ખાતાના વિવિધ અધિકારીઓ, તાલુકા આરોગ્ય અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ મનપાના કમિશનર દેવાંગ દેસાઈનો સપાટોઃ ટીપી શાખામાં બુલડોઝર ફેરવી દીધું !

- **ATP સહિત તમામ અધિકારીઓની કરાઈ બદલીઃ અગ્નિકાંડની તપાસ વચ્ચે કર્મચારીઓના મોટા વર્ગમાં ભયનો માહોલ**
- **અનેક 'વીઆરએસ' લઈ લેવાની ફિરાકમાંઃ મનપાના ઈતિહાસનો એક શાખા માટેનો સૌથી મોટો હુકમ**

### આસી. પ્લાનર, ઈજનેરો, વર્ક આસી. નવા આવી ગયાઃ હવે તમામને વોર્ડવાઈઝ કામગીરી સોંપાશે

ભારત હેડલાઇન, તા.૧૯

રાજકોટના નાના મવા રોડ પર આવેલા ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડની ઘટનાની ઉચ્ચ કક્ષાએ તપાસ ચાલુ છે ત્યારે મ્યુનિ. કમિશ્નર દેવાંગ દેસાઈએ આ તપાસના મુખ્ય કેન્દ્રમાં રહેલી ટાઉન પ્લાનીંગ શાખામાં મોટુ ઓપરેશન કરી એટીપી, આસી. એન્જી., એડી.આસી. એન્જી., વર્ક આસી. સહિતના અધિકારીઓની સામુહિક બદલી કરી નાંખી છે. ભ્રષ્ટાચારના આરોપથી ઘેરાયેલી ટીપી શાખામાં આટલા વર્ષોથી આ સૌથી મોટી સાફ સફાઈ ગણવામાં આવે છે. જુદી જુદી શાખામાંથી ટીપી શાખામાં ૧૧ જેટલા એટીપી અને એન્જીનીયરોને મૂકી દેવામાં આવ્યા છે. તો ત્રણેક અધિકારીને બાદ કરતા તમામ અધિકારીઓના વિભાગ બદલાવવામાં આવ્યા છે. આ સાથે હવે ટીપી શાખાને પારદર્શક અને જવાબદારી સાથેની કામગીરી કરવાની સૂચના પણ કમિશ્નરે આપી દીધી છે. હવે ઈન્ચાર્જ ટીપીઓ પંડયા તમામ એટીપી, ઈજનેરોને વોર્ડની ફાળવણી કરશે તેમ જાણવા મળ્યું છે. અગ્નિકાંડ બાદ મનપાના ટીપીઓ એમ.ડી.સાગઠીયા, એટીપી ગૌતમ જોશી, મુકેશ મકવાણાની અગાઉ ધરપકડ કરવામાં આવી હતી. આ બાદની ગેમઝોનની ઈમ્પેકટ ફાઈલની બોગસ મીનીટસ બુકસ ઉભી કરી, જુનો રેકોર્ડ સળગાવી નાખવાના ગુનામાં એટીપી રાજેશ મકવાણા અને આસી. ઈજનેર જયદીપ ચૌધરીની પણ ધરપકડ કરવામાં આવી છે. ટીપી ઉપરાંત કોર્પો.ની અર્ધો ડઝન શાખાના અધિકારીઓની પુછપરછ કરીને પોલીસે નિવેદન પણ લીધા છે. હવે ટીપી શાખામાં રાબેતા મુજબનું કામ કરવા માટે પણ અધિકારીઓ ઉપલબ્ધ ન હોય તેવી હાલત હતી. આ બાદ ધારણા મુજબ ગઈકાલે કમિશ્નરે ટીપી શાખા સહિત કુલ ૩૫ અધિકારીઓની બદલીના હુકમ કરી નાંખ્યા હતા.

ટીપી શાખાના સીનીયર એટીપી એ.એચ.દવે અને એ.એમ.વેગડને બાંધકામ શાખામાં મૂકી દેવામાં આવ્યા છે. તો એમ.આર.શ્રીવાસ્તવ અને એચ.જે.સીતાપરાને એટીપી બનાવવામાં આવ્યા છે. ઈજનેરોમાં જે.એ.સોલંકી, જી.એલ. હરણ, એ.જી.પટેલ, વી.કે.કનેરીયા, બી.વી.રાવલ, એ.પી.પટેલ, સી.એ.ચિત્રોડા, એ.કે.જોરા, એલ.એલ.પાંડવ, એન.પી.પંડયાને ટાઉન પ્લાનીંગમાં મૂકવામાં આવ્યા છે.સોલીડ વેસ્ટ શાખામાંથી આર.જી.પટેલ, વોટર વર્કસમાંથી એમ.જે.ટાંકને એટીપી તરીકે મૂકવામાં આવ્યા છે. અન્ય ઈજનેરો રાઠોડ, સિંધવ, રામાવત, ધોરાળીયા, શિયાણી, ટોળીયા, ડોડીયા, જાડેજા, રાજપરાને આસી. ઈજનેર, એડી. આસી. અને વર્ક આસી.ના પોસ્ટીંગ આપવામાં આવ્યા છે. આ રીતે કમિશ્નરે ટીપી શાખામાં સામુહિક સફાઈ અને નવી નિમણુંકનો હુકમ કરતા હવે તમામ કામગીરી નવા અધિકારીઓ પર આવી છે. બીજી તરફ ધરપકડ, રીમાન્ડ, પુછપરછ, સમન્સ સહિતની કાનુની પ્રક્રિયાનો સામનો કરતા ટીપી તથા અન્ય શાખાના અધિકારીઓ ફરજ દરમિયાન પોલીસ સ્ટેશને બેસવા સહિતની જવાબદારી આપવા મનપામાં કામ કરવું અઘરૂ થઈ ગયાનું કહેવા લાગ્યા છે. મનપામાં છેલ્લા થોડા વર્ષથી સ્વૈચ્છિક નિવૃત્તિની પરંપરા શરૂ થઈ છે. અનેક અધિકારી વધુ સારી ઓફર સાથે અન્ય વિભાગો અને કંપનીઓમાં કામે લાગ્યા છે. હવે પેન્શનને પાત્ર નોકરી થઈ હોય તેવા અનેક અધિકારીઓ આગામી સમયમાં મનપા સાથે છેડો ફાડશે તેવું યુનિયનના સુત્રો કહી રહ્યા છે.



# પાવાગઢમાં જૈન પ્રતિમાઓને ખંડિત કરાતા લોકરોષ

- **રાજકોટનાં જૈન સમાજમાં આક્રોશઃ કલેકટરને અપાયું આવેદન**
- **જૈન પ્રતિમાજીઓને ગુરૂ ભગવંતોના માર્ગદર્શન હેઠળ પુનઃ સ્થાપિત કરવાની લાગણી દર્શાવતો જૈન સમાજ**



ભારત હેડલાઇન, તા.૧૯

પાવાગઢ તીર્થમાં જૈન તીર્થંકરોની પ્રાચીન પ્રતિમાઓને ખંડિત કરાતા સમસ્ત જૈન સમાજમાં ભારે આક્રોશ છવાયો છે. રાજકોટમાં સમસ્ત જૈન સમાજના અગ્રણીઓ દ્વારા આ નિંદનીય ઘટનાના સંદર્ભે કલેકટરને આવેદનપત્ર પાઠવ્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું છે કે પાવાગઢમાં જૈન પ્રતિમાઓ ખંડિત થવાની નિંદનીય ઘટનાથી સમગ્ર જૈન સમાજ ભારે આઘાત અને શોકની લાગણી અનુભવી રહ્યો છે. દેશમાં તમામ ધર્મના ઈસ્ટદેવો માટે સદ્ભાવ અને સન્માન બધાને હોવું જરૂરી છે જેનાથી ભાઈચારો અને અખંડિતતા જળવાઈ રહે.

પાવાગઢ ખાતે જે પણ તત્વોએ આ અત્યંત નિંદનીય અને અનુચિત કૃત્ય છે. તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તથા જે પ્રતિમાજીઓ ખંડિત થઈ છે. તે અંગે જૈન ગુરૂ ભગવંતો સૂચવે તે રીતે વિધિપૂર્વક પુનઃ સ્થાપન કરવામાં આવે તેવી અમારી લાગણી અને માંગણી છે. ભવિષ્યમાં ભારતભરમાં આ પ્રકારનું કોઈ જાતનું કૃત્ય ન થાય તે જોવાની ખાસ તકેદારી લેવામાં આવે તેવી પ્રશાસન પાસે અપેક્ષા છે. ઉપરોકત આવેદનપત્ર તીર્થરક્ષા સમિતિના નેજા હેઠળ આપવામાં આવેલ હતું. આવેદનપત્ર આપતી વેળાએ એડવોકેટ તથા જૈન અગ્રણી દિલેશભાઈ શાહ, વિમલનાથ જિનાલયના કન્વીનર વિપુલભાઈ દોશી, કેતન વોરા સહિતના વિવિધ સંઘના હોદેદારો જોડાયા હતા.

# સરદાર પટેલ કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા યોજાશે

ભારત હેડલાઇન, તા.૧૯

સરદાર પટેલ કર્મચારી મંડળ રાજકોટની વાર્ષિક સાધારણ સભાનું તા.૨૩ જૂનને રવિવારના રોજ સવારે ૯:૩૦ કલાકે સરદાર પટેલ ભવન, ઓડીટોરીયમ-૨,ન્યુ માયાણી નગર, પાણીના ટાંકા સામે, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ મંડળ દ્વારા સરસ્વતી સન્માન સમારોહ આગામી ઓગષ્ટ મહિનામાં યોજવાનું નક્કી કરેલ છે. વિદ્યાર્થીઓએ માર્કશીટની ઝેરોક્ષ નકલ પુરા નામ, સરનામા અને મોબાઈલ નંબર સાથે તા.૫ જુલાઈને શુક્રવાર સુધીમાં મંડળના કાર્યાલય સરદાર પટેલ કર્મચારી મંડળ, ઓફિસ નં.૩૧૨/એ, ત્રીજો માળ,ધી મિલેનિયમ,સિલ્વર હાઇટ્સની સામે,નાના મવા સર્કલ પાસે,૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે સાંજે ૬:૩૦ થી ૮ સુધીમાં પહોંચાડવા જણાવાયું છે.

# સાંસદ રૂપાલાએ લીધી ભાજપ મનપા કાર્યાલયની મુલાકાત

ભારત હેડલાઇન, તા.૧૯

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં ચૂંટાયા બાદ પ્રથમ વખત



રાજકોટના સાંસદ પરસોતમભાઈ રૂપાલા મહાનગરપાલિકા ખાતે ગત વિશ્વ યોગ દિવસની મિટીંગ અન્વયે પધારેલ હતાં. આ મિટીંગ પહેલા સાંસદએ રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરેલ હતી. આ દરમિયાન તેઓએ રાજકોટ મહાનગરપાલિકા સ્થિત શાસકપક્ષ કાર્યાલયની મુલાકાત લીધેલ હતી. આ સમયે મુલાકાત ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, શાસકપક્ષ દંડક મનીષભાઈ રાડીયા, કોર્પોરેટર ભાવેશભાઈ દેથરીયા, નીલેશભાઈ જલુ, તથા પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ હતા.

# ઓમ ડિવાઈન યોગ દ્વારા વિશ્વ યોગ દિવસની ઉજવણી કરાશે

ભારત હેડલાઇન, તા.૧૯

ઓમ ડિવાઈન યોગ ફાઉન્ડેશનની ટીમ અને યોગાચાર્ય



અજય મકવાણા દ્વારા તા.૨૧ જૂનને શુક્રવારના રોજ સવારે ૬:૪૫ થી ૮ સુધી વિશ્વ યોગ દિવસની ઉજવણીનું રામ ઝરૂખા મંદિર, કિશોરસિંહજી સ્કૂલ સામે, કોઠારીયા નાકા, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. યોગમાં હાજર રહેલ સાધકો માટે સર્ટિફિકેટ અને નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ કાર્યક્રમને સફળ બનાવવા રમેશભાઈ રાણપરા, જિમ્મીભાઈ મહેતા, વિજયભાઈ ચોહાણ, નિલેશભાઈ સોરઠીયા, કુસુમબેન જાની, કિરણબેન રાણપરા, કોમલબેન હિંગુ વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# વી.એમ. મહેતા ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદ દ્વારા 'સંહિતાનો અભ્યાસ અને તેના પ્રેક્ટીકલ અપ્રોચ' વિષયક એક્સપર્ટ લેક્ચર યોજાયું



ભારત હેડલાઇન, તા.૧૯

ગાર્ડી વિદ્યાપીઠ સાથે સંકળાયેલ વી.એમ. મહેતા ઈન્સ્ટિટયૂટ ઓફ આયુર્વેદ, આણંદપર ખાતે ગત તા. ૧૨ જૂનના રોજ સંહિતા - સિદ્ધાંત વિભાગ અંતર્ગત ગેસ્ટ લેક્ચરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં વકતા સ્થાને જેતપુર તાલુકાના ગડખજુરી ગુંદાળા ગામમાં સરકારી આયુર્વેદિક મેડિકલ ઓફિસર તરીકે ફરજનિષ્ઠ વૈદ્ય પ્રિતેશ દવેને આમંત્રિત કરવામાં આવ્યા હતા. આ વક્તવ્યમાં તેમણે સંહિતાનું તંત્રણ કેટલી વૈજ્ઞાનિક રીતે થયેલું છે અને કેટલી સચોટ માહિતી આપીને તેનું ઊંડાણપૂર્વક વિવેચન કર્યું હતું. આ જ્ઞાનસભર લેક્ચરમાં સંસ્થાનો સમગ્ર પ્રાધ્યાપકગણ તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ લેક્ચરના સફળ આયોજન માટે આયુર્વેદ કોલેજના પ્રિન્સિપાલ વૈદ્ય ગીરીરાજસિંહ ગોહિલ તેમજ સંસ્થાના મેનેજીંગ ડાયરેક્ટર જયભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ વાઇસ પ્રિન્સિપાલ વૈદ્ય દેવાંગી ઓઝા સહિત અન્ય પ્રાધ્યાપકોનો સહયોગ રહ્યો હતો.

# રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી રાજકોટ દ્વારા પ્રતિભા સન્માન સમારંભ સંપન્ન

ભારત હેડલાઇન, તા.૧૯



રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટી રાજકોટ દ્વારા તાજેતરમાં રાહત દરે ચોપડા તેમજ પ્રતિભા સન્માનના ફોર્મ વિતરણનો ત્રણ દિવસ કાર્યક્રમ યોજાય ગયો. આ પ્રસંગે બાળકોને પ્રોત્સાહીત કરવા મનીષભાઈ રાડીયા, વિક્રમભાઈ પુજારા, કાયમી દાતા પ્રજ્ઞેશભાઈ સુચક, ધવલભાઈ ખખ્ખર ઉપસ્થિત રહ્યા હતા. રઘુવંશી સમાજના ધો. ૧ થી ૯ માં ૮૦% ગુણ મેળવનાર ૯૦૦ વિદ્યાર્થીઓનું દરેકને મોમેન્ટો, કેરીબેગ અને નાસ્તા પેકેટ સાથે સન્માનીત કરવામાં આવ્યા હતા.

# દર્શન યુનિવર્સિટી દ્વારા ૨૧ બેસ્ટ રીડર્સને એવોર્ડ કરાયાં એનાયત

ભારત હેડલાઇન, તા.૧૯



દર્શન યુનિવર્સીટી ખાતે તા. ૧૫ ના રોજ જે વિદ્યાર્થીઓ અને સ્ટાફ મેમ્બર્સ દ્વારા લાયબ્રેરીનો વર્ષ : ૨૦૨૩-૨૪ દરમ્યાન મહતમ ઉપયોગ કરાયો હોય તેવા ૨૧ જેટલા બેસ્ટ રીડર્સની પસંદગી કરીને તેઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ ત્રણ એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ એવોર્ડ દર વર્ષે ૨૦૧૪ ના વર્ષથી નીયમીત આપવામાં આવે છે, આ એવોર્ડનો મુખ્ય આશય વિદ્યાર્થીઓનો વાંચન પ્રત્યેનો રસ જળવાઈ રહે અને આજના ડિજીટલ યુગમાં વિદ્યાર્થીઓ વાંચન પ્રત્યે પ્રેરાય એવો છે. આ કાર્યક્રમમાં સંસ્થાના ચેરમેન ડો. આર.જી. ધમસાણીયા અને સંસ્થાના વી.સી. એમ. વી. સંઘાણી દ્વારા વિદ્યાર્થીઓ અને સ્ટાફ મેમ્બર્સને વાંચનથી થતા ફાયદાઓ વર્ણવીને પ્રત્સાહિત કર્યા હતા.

# પશ્ચિમ રેલ્વેનાં અધિકારી સચિન શર્માની સિદ્ધિ : દક્ષિણ આફ્રિકામાં મેરેથોન પૂર્ણ કરી

## ● મહાપ્રબંધક અશોકકુમાર મિશ્રાણ, પ્રકાશ બુદાની દ્વારા કરાયું બહુમાન

ભારત હેડલાઇન, તા.૧૯

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકના સચિવ સચિન અશોક શર્માએ દક્ષિણ આફ્રિકામાં તાજેતરમાં પૂર્ણ થયેલી કોમરેડ્સ મેરેથોન ૨૦૨૪માં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. કોમરેડ્સ મેરેથોન એ વિશ્વની સૌથી પડકારરૂપ લાંબા અંતરની રેસમાંની એક છે. શ્રી શર્માએ દક્ષિણ આફ્રિકાના ડરબનથી પીટરમેરિટ્ઝબર્ગ સુધીની ૮૬ કિલોમીટરની મેરેથોન ૧૧ કલાક અને ૨૪ મિનિટમાં પૂરી કરી હતી. વિશ્વની સૌથી જૂની અને અઘરી મેરેથોન તરીકે જાણીતી કોમરેડ્સ મેરેથોનમાં વિવિધ દેશોના ૨૦,૦૦૦ દોડવીરોએ ભાગ લીધો હતો, સચિન શર્માની સિદ્ધિ એક નિયમિત ફિટનેસ ઉત્સાહી તરીકે તેમના સમર્પણ અને સહનશક્તિનો પુરાવો છે. તેઓ તેમના શાળાના દિવસો (સિંધિયા સ્કૂલ, ગ્વાલિયર) થી જ રમતગમત અને આઉટડોર પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સામેલ રહ્યા છે. જેમાં એથ્લેટિક્સ, ક્રિકેટ, ફૂટબોલ, બોક્સિંગ, સ્કેટિંગ, બેડમિન્ટન, શૂટિંગ વગેરેમાં વિશેષ રુચિ રહી છે. કોલેજમાં તેમ ણે વેઈટ ટ્રેનિંગ અને ટૂંકા અંતરની દોડની પ્રેક્ટિસ કરી હતી.પાછલા કેટલાક વર્ષોમાં સચિન શર્માએ ઘણી ૧૦સળ રેસ, હાફ અને ફુલ મેરેથોન, અલ્ટ્રા મેરેથોન, ટ્રાયથલોનમાં ભાગ લીધો છે. તેમાંથી કેટલાક નોંધપાત્ર છે. લદ્દાખ ફુલ મેરેથોન, ટાટા મુંબઈ મેરેથોન, વસઈ-વિરાર




મેરેથોન, ટાટા અલ્ટ્રા (૫૦ કિમી), કાસ અલ્ટ્રા (૬૫ કિમી), ખારદુંગ લા ચેલેન્જ (૭૨ કિમી ઊંચાઈએ), પુણે અલ્ટ્રા ટ્રાયલ રન (૧૦૦ કિમી),ગોવા આયર્નમેન (૭૦.૩ કિમી), બર્ગમેન (૧૧૩ કિમી), બર્ગમેન ઓલિમ્પિક ડિસ્ટન્સ તેમણે ઓપન સી સ્વિમિંગમાં પણ ભાગ લીધો છે અને પૂર્ણ કર્યો છે. સનક રોક ટુ ગેટવે (૫ કિમી)- રાષ્ટ્રીય સ્તર, માલવણ સમુદ્ર સ્વિમથોન (૩ કિમી) રાષ્ટ્રીય સ્તર અને જુહુ સમુદ્ર સ્વિમથોન (૩ કિમી) રાજ્ય સ્તર.આ કોમરેડ મેરેથોનની સફળ સમાપ્તિ સાથે, શર્મા હવે સપ્ટેમ્બર ૨૦૨૪માં લદ્દાખમાં યોજાનારી સિલ્ક રૂટ અલ્ટ્રા (૧૨૨ કિમી), ડિસેમ્બર ૨૦૨૪ માં હેલ રેસ જેસલમેર થી લોંગેવાલા (૧૬૦ કિમી) અને નવેમ્બર ૨૦૨૫ માં પુણે અલ્ટ્રા (૧૬૦ કિમી) ની સાથે સાથે ૨૦૨૫ માં આયર્નમેન ઓસ્ટ્રેલિયામાં ભાગ લેવાનું લક્ષ્ય બનાવી છે. શર્મા તેમની સફળતાનો શ્રેય તેમને તેમના કોચ ગિરીશ બિન્દ્રા, આદિલ મિર્ઝા, વિનય ઉપાધ્યાય પાસેથી મળેલી તાલીમ અને તેમના પરિવાર, મિત્રો અને સાથીદારો તરફથી મળેલા સમર્થન અને પ્રોત્સાહનને આપે છે.




# મનપાના આધાર કેન્દ્રનું સર્વર ડાઉન થતા લોકો પરેશાન

## ● ગરમીમાં ફરી અરજદારોની લાઇન લાગી

ભારત હેડલાઇન, તા.૧૯

રાજકોટ મહાપાલિકામાં આવેલા આધાર કેન્દ્રમાં આજે સવારે ઉપરથી સર્વર ડાઉન થતા લાંબો સમય સુધી અરજદારો હેરાન થયા હતા અને ધીમી ગતિએ કામ ચાલતુ હોવાની ફરિયાદ કરી હતી.

બુધવારે આધાર કાર્ડની કામગીરી માટે લોકો વધુ સંખ્યામાં કચેરીએ પહોંચ્યા હતા. દર બુધવારે આમ પણ ભીડ વધારે હોય છે. સવારથી કામગીરી ન થતા ગરમીમાં નાગરિકો અકળાયા હતા બાદમાં ઉપરથી સર્વર બંધ હોવાના કારણે કામ શરૂ નહીં થયાનું જાણવા મળ્યું હતું. અંતે ઓપરેટરોએ પોતાના મોબાઇલમાંથી કનેકશન જોડીને અરજદારોના કામ કરવાનું શરૂ કર્યુ હતું. મનપામાં આ રીતે આધાર કાર્ડ સિસ્ટમનું સર્વર ઘણી વખત ઉપરથી ડાઉન થતા લોકોનો સમય બગડતો હોય છે. છતાં ઓપરેટરો પોતાના મોબાઇલમાંથી કામ કરી આપીને અરજદારોનું ગાડુ ગબડાવતા હોય છે. જોકે કામ ધીમુ હોવાના કારણે લોકોનો સમય ઘણો બગડયો હતો.

# આદ્રા નક્ષત્ર બેસતા જૈનો જીવદયાના લક્ષે કેરીનો ત્યાગ કરશે : મનોજ ડેલીવાળા

ભારત હેડલાઇન, તા.૧૯

૨૨/૬/૨૦૨૪ ના રોજ ૧૨:૦૭ કલાકે આદ્રા નક્ષત્ર શરૂ થાય છે. અમુક તિથિ પત્રક - પંચાંગમાં ૨૧/૬ રાત્રે ૧૨:૧૮ કલાકે સૂર્ય આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરશે તેમ પણ ઉલ્લેખ છે. જીવદયા લક્ષે એક દિવસ વ્હેલા પણ કેરીનો ત્યાગ કરી શકાય છે. કેરી,જાંબુ જેવા અમુક ફળો એવા હોય છે કે કયારેક ઉપરથી ખૂબ સુંદર દેખાય છે પરંતુ વષોકાળ - ચોમાસાના વાતાવરણની અસરને કારણે આવા ફળોની અંદર જીવોની ઉત્પત્તિ થઈ જતી હોય છે.

જૈનાગમ શ્રી દશ વૈકાલિક સૂત્રમાં આગમકાર ભગવંતોએ ફરમાવ્યુ કે " સવ્વે જીવાવિ ઈચ્છંતિ જીવવું " અર્થાત જગતના દરેક જીવોને જીવવું ગમે છે,મરવું કોઈને ગમતું નથી. જૈનો તો જીવદયાના હિમાયતી હોય છે. જૈન આગમ શ્રી ચંદ્ર - સૂર્ય પ્રજ્ઞપ્તિ સૂત્ર તથા શ્રી સમવાયાંગ સૂત્રમાં અભિજિતથી લઈ ઉત્તરાષાઢા એમ વિવિધ પ્રકારના નક્ષત્રનો ઉલ્લેખ આવે છે તેમાં આદ્રા નક્ષત્રનો પણ ઉલ્લેખ છે.

આદ્રા બેસતા આમ્રફળના સ્વાદમાં પણ ફેર પડી જાય છે. આદ્રા પછી કેરી આરોગવાનું ચાલુ રાખવામાં આવે તો પેટ - વાયુનાં રોગો થવાનો પણ સંભવ રહેલો છે.જૈનો તો ઠીક પરંતુ અમુક જૈનેતરો પણ આદ્રા પછી કેરી ખાતા નથી. જીવદયાના લક્ષે પરાપૂર્વની વર્ષોની પરંપરાને અનુસરી આદ્રા નક્ષત્ર બેસતા જૈનો કેરીનો ત્યાગ કરી જીવદયાનું જતન કરશે તેવી શુભ કામના મનોજ ડેલીવાળાએ વ્યકત કરેલ છે.

# રીજીયોનલ સાયન્સ સેન્ટર ખાતે 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' અને વિશ્વ સંગીત દિવસની ઉજવણી કરાશે

ભારત હેડલાઇન, તા.૧૯

રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારા આગામી તા. ૨૧ જૂનને શુક્રવારના રોજ 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' અને 'વિશ્વ સંગીત દિવસ' ઉજવવામાં આવે છે. આ નિમિત્તે રીજીયોનલ સાયન્સ સેન્ટર - રાજકોટ દ્વારા ખાસ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં, પૂજ્ય સદ્દગુરૂ દ્વારા સ્થાપિત ઈશા ફાઉન્ડેશનના સહયોગથી યોગ કાર્યક્રમ સેન્ટર ખાતે સવારે ૯ થી ૧૦ કલાક દરમ્યાન યોજાશે. તદ્દપરાંત આ દિવસ નિમિત્તે 'ઓપન સ્ટેજ પરફોર્મન્સ' નું આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં સંગીત પ્રેમીઓ પોતાની સંગીતકલા લોકો સમક્ષ પ્રદર્શિત કરી શકે છે. જેમાં કોઈપણ ગાયકો, વાજિંત્ર વાદન, વાજિંત્ર વાદન અને ગાયન, ઓર્કેસ્ટ્રા તેમજ કરાઓકે સાથે ગાયન, જેમાં સોલો, યુએટ, તેમજ ગ્રુપમાં કોઈપણ પ્રકારના સંગીત વગાડી તથા ગીતો ગાઈ લોકો સમક્ષ પોતાની સંગીતકલા રજૂ કરી શકે છે. સેન્ટર દ્વારા તમામ ભાગ લેનારને સર્ટિફિકેટ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે http://bit.ly/Rscyoga પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. વધુ માહિતી માટે ૦૨૮૧-૨૯૯૨૦૨૫ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ – પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર-૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

# ઈસ્કોન મંદિર રાજકોટ દ્વારા જગન્નાથ રથયાત્રાની તડામાર તૈયાર



- ૭ જુલાઈ રવિવારના સાંજે ૫ના ભગવાન જગન્નાથ, ભાઈ બળદેવ અને બહેન સુભદ્રાની સાથે નગરચર્યાએ નીકળશે

ભારત હેડલાઇન, તા.૧૯

આ વર્ષે ૭ જુલાઈ એ રવિવારના દિવસે અષાઢી બીજ આવે છે. ઈસ્કોન મંદિર દ્વારા વર્ષ ૨૦૦૩ થી દર વર્ષે ભગવાનશ્રી જગન્નાથ, બળદેવ, સુભદ્રાને નગરચર્યાએ નીકાળવામાં આવે છે અને શહેર ભરમાં રથયાત્રા કાઢવામાં આવે છે. આ અંગે વધુ માહિતી આપતા ઈસ્કોન મંદિર રાજકોટના પ્રમુખ વૈષ્ણવસેવા પ્રભુજી જણાવે છે કે આ વર્ષે ૭ જુલાઈના રવિવાર ના દિવસે ખૂબજ ઉત્સાહ અને ઉલ્લાસથી ઈસ્કોન મંદિર રાજકોટ દ્વારા રથયાત્રા કાઢવામાં આવશે. રથયાત્રા સાંજે ૫ કલાકે રામકૃપા ડેરી કોટેચા ચોક ખાતેથી શરુ થશે અને ઇન્દિરા સર્કલ, પંચાયત ચોક, આકાશવાણી ચોક, જે. કે ચોક પરથી પસાર થઈ પુષ્કરધામ રોડ પરથી કાલાવડ રોડમા એજી ચોક પર આવશે અને ત્યાંથી કાલાવડ રોડ પર કટારીયા સર્કલ થઈને ઈસ્કોન મંદિરએ પરત ફરશે. આ રથયાત્રાની તૈયારી અત્યારથી જ શરુ થઇ ગઈ છે. તૈયારીના ભાગ રૂપે રથનું સમારકામ કરવા માટે કેરેલાથી કારીગરો આવી ગયેલ છે જેઓ રથનું સમારકામ રથયાત્રા ના ૧ અઠવાડિયા પહેલા કરી દેશે. તદુપરાંત રથયાત્રા દરમિયાન શહેરના રાજમાર્ગોમા પ્રસાદ વિતરણ કરવા માટે આશરે ૫૦૦૦ કિલો બુંદીનું વિતરણ કરવામાં આવશે અને રથયાત્રાના દિવસે ઈસ્કોન મંદિરે દર્શન કરવા આવતા દરેક દર્શનાર્થી માટે ભંડારા પ્રસાદનું આયોજન પણ કરવામાં આવેલ છે જે સાંજે ૭:૩૦ વાગે થી શરુ થશે. રાત્રે ૮ વાગે રથયાત્રાના સમાપન બાદ સૌ દર્શનાર્થીઓ માટે મંદિરે ભંડારા પ્રસાદનું આયોજન કરવામાં આવેલ છે.

# પેટમાં દુઃખાવો ઉપાડ્યા બાદ યુવાનનું મોત

શહેરના રામાપીર ચોકડી પાસે શાસ્ત્રીનગરમાં રહેતાં યુવકને અચાનક પેટમાં દુઃખાવો ઉપડતા સારવાર કારગત નીવડે તે પહેલાં દમ તોડી દિધો હતો. બનાવની વિગત મુજબ ચંદુભાઈ ઈશ્વરભાઈ વાડોદરિયા (ઉ.વ.૪૧, રહે. શાસ્ત્રીનગર રામાપીર ચોકડી) ને ગઈ કાલ રાત્રીના આઠેક વાગ્યાની આસપાસ જમ્યા બાદ પેટમાં દુઃખાવો ઉપાડ્યો હતો. બાદ તબીયત વધુ બગડતાં યુવક બેભાન થઈ ગયો હતો. બાદ ૧૦૮ મારફત રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતા તેઓનાં પરિવારમાં ગમગીની છવાઈ ગઈ હતી. યુવક સેન્ટિંગ કામ કરતો હતો.તેઓ ચાર ભાઈ અને બે બહેનમાં ત્રીજાં નંબરનો હતો. તેમજ તેઓને સંતાનમાં બે દિકરી અને એક દિકરો હોવાનું મૃતકના પરિવારજનોએ જણાવ્યું હતું. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે યુનિવર્સિટી પોલીસને જાણ કરી હતી.

# કિરણબેન માકડીયાની ઉપસ્થિતિમાં શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા યોગા કાર્યક્રમ યોજાશે



ભારત હેડલાઇન, તા.૧૯

આવતીકાલે તા.૨૦ ના ગુરૂવારે સાંજે ૫.૩૦ વાગ્યે પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ દિપીકાબેન સરડવાની આગેવાનીમાં શહેર ભાજપ મહિલા મોરચા દ્વારા ''યોગ આંતરાષ્ટ્રીય દિવસ'' નિમિતે બહેનો માટે યોગા કાર્યક્રમ યોજવામાં આવશે. તા.૨૦ ગુરૂવાર સાંજે ૫.૩૦ વાગ્યે રેસકોર્ષ, યોગા ગ્રાઉન્ડ, ઈન્ડોર સ્ટેડિયમના દરવાજા પાસે યોજવામાં આવશે. રાજકોટના પ્રભારી ડો.ઉર્વશીબેન પંડયા તેમજ શહેર મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, દેવીકાબેન રાવલની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય સંસ્કૃતિને વિશ્વ સમક્ષ ઉજાગર કરવા માટે સૌપ્રથમ આપણા ઋષિમુનીઓએ માનવ પોતાનો ઉચ્ચાર કરી શકે અને આગળ વધી શકે માટે યોગનું મહત્વ સમજાવ્યું હતું. આ યોગને વિશ્વ જાણી શકે તે માટે યોગ દિવસની યુનોમાં ભલામણ કરવામાં આવેલ અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અથાગ પ્રયત્નોને કારણે ભારતીય યોગને આંતરરાષ્ટ્રીય સ્તરે તા.૨૧ જૂન ના દિવસને ''આંતરાષ્ટ્રીય યોગ દિવસ' તરીકે સમગ્ર વિશ્વમાં ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. ભારત દેશમાં દરેક ભારતીય નાગરિક યોગ કરી શકે અને દેશમાં વધુને વધુ લોકો યોગ તરફ વળે તે માટે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમની શરૂઆત ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓથી શરૂ કરવાનું નક્કી કરવામાં આવેલ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના આ સંકલ્પને પ્રદેશ મહિલા મોરચાના પ્રમુખ દિપીકાબેન સરડવાના માર્ગદર્શન હેઠળ રાજકોટના પ્રભારી ડો.ઉર્વશીબેન પંડયાના તેમજ રાજકોટ શહેર મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયાની આગેવાનીમાં યોગ પ્રોટોકોલની તૈયારી અર્થે તા.૨૦ ગુરૂવાર સાંજે ૫.૩૦ વાગ્યે રેસકોર્ષ, યોગા ગ્રાઉન્ડ, ઈન્ડોર સ્ટેડિયમના દરવાજા પાસે આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં દરેક વોર્ડમાંથી કોર્પોરેટર બહેનો, શિક્ષણ સમિતીના બહેનો, શહેર હોદેદારો બહેનો, શહેર મોરચા, વોર્ડવાઈઝ મોરચા, સોશીયલ મીડીયાના ટીમના બહેનો સહિત દરેક શ્રેણીના કાર્યકર્તાઓ બહેનોએ યોગા માટે મેટ અથવા શેતરંજી, પાણીની બોટલ પોતાની લાવવાની રહેશે. આ કાર્યક્રમમાં બહેનોને ડ્રેસ કોડ સફેદ રહેશે. તો આ કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત રહેવા શહેર મહિલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કિરણબેન હરસોડા, દેવીકાબેન રાવલની અખબારી યાદીમાં જણાવાયું છે.

# સદ્ભાવના વૃદ્ધાશ્રમમાં નિઃસંતાન, નિરાધાર માવતરને અપાશે નિઃશુલ્ક પ્રવેશ

ભારત હેડલાઇન, તા.૧૯

માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૌથી મોટા આ વૃધ્ધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવના વૃધ્ધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા નિઃસંતાન,પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહ્યો છે. ત્યારે આવા કોઈ પણ વૃદ્ધો મળે તેણે સદભાવના વૃધ્ધાશ્રમ મોકલવા જણાવ્યું છે.

# પ્રાદેશિક માહિતી કચેરી, રાજકોટના ભાર્ગવ ભંડેરીની દ્વારકા બદલી થતાં અપાયું વિદાયમાન




ભારત હેડલાઇન, તા.૧૯

પ્રાદેશિક માહિતી કચેરી રાજકોટ ખાતે સીનિયર સબ એડિટર તરીકે સેવા આપતા ભાર્ગવભાઈ ભંડેરીની દ્વારકા ખાતે બદલી થતાં નાયબ માહિતી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદીના અધ્યક્ષસ્થાને વિદાયમાન સમારોહ યોજાયો હતો, જેમાં માહિતી પરિવાર દ્વારા તેમને ભાવભર્યું વિદાયમાન અપાયું હતું. આ પ્રસંગે માહિતી કચેરીના અધિકારીઓ કર્મચારીઓએ ભાર્ગવભાઈને સાકર-શ્રીફળ તેમજ પુષ્પગુચ્છ આપી વિદાયમાન સમયે શુભકામના પાઠવી હતી. ભાર્ગવભાઈએ રાજકોટ ખાતે ૨ વર્ષથી વધુની સરકારી સેવામાં રાજકોટ માહિતી કચેરી ખાતે નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવી હતી. આ તકે નાયબ માહિતી નિયામક પ્રશાંતભાઈ ત્રિવેદી, સહાયક માહિતી નિયામકઓ (સંપાદન) સોનલબેન જોશીપુરા, પ્રિયંકાબેન પરમાર, પારૂલબેન આડેસરા તથા રઝાકભાઈ ડેલા અને કર્મચારીઓએ તેમની સાથેના યાદગાર સંસ્મરણો વાગોળીને ભાર્ગવભાઈને શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કેતનભાઈ દવેએ કર્યું હતું. કચેરીનો સમગ્ર સ્ટાફ આ પ્રસંગે ઉપસ્થિત રહયો હતો.

# કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા વિનામુલ્યે છાસ વિતરણ કેન્દ્રનું સમાપન

ભારત હેડલાઇન, તા.૧૯

કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા છેલ્લા ૫૧ વર્ષથી ઉનાળાની ૠતુમાં અમૃત પીણું છાસ કેન્દ્ર ચલાવવામાં આવે છે. આ છાસ કેન્દ્રને છેલ્લા ૨૭ વર્ષથી મનસુખલાલ જીવરાજભાઈ શાહ (ભાડલાવાળા) પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી જરૂરીયાતમંદ પરિવારના લોકો માટે ઉનાળામાં ત્રણ માસ વિનામુલ્યે છાસ વિતરણ કોઠારીયા નાકા ખાતે શરૂ કરવામાં આવેલ હતું જેનો સમાપન સમારંભ ડો. જી.યુ. મહેતાના હસ્તે રામ ઝરૂખા મંદિરના મહંત જેરામદાસજી મહારાજ, દર્શીતભાઈ જાની, મુરલીધર શાળાના મેનેજીંગ ટ્રસ્ટીના મુખ્ય મહેમાન પદે સહિતની ઉપસ્થિતિમાં સમાપન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ છાસ કેન્દ્રનો દરરોજ ૨૨૫ થી ૨૫૦ જેટલા જરૂરીયાતવાળા પરિવારોએ લાભ લીધો હતો.



# જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીના અધ્યક્ષ સ્થાને સંચારી રોગ અટકાયત સમિતિની બેઠક યોજાઈ

- પીવાના પાણીનું કલોરિનેશન, દવાના જથ્થા વિષે ચર્ચા : ખાણી–પીણીના સ્થળો, બરફના કારખાનાઓની તપાસ કરાશે

ભારત હેડલાઇન, તા.૧૯

રાજકોટ જિલ્લામાં આગામી વર્ષાૠતુને ધ્યાને લઈ સંચારી રોગોને ફેલાતા અટકાવવા જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણીના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી સભાખંડ ખાતે સંચારી રોગ અટકાયત માટેની સ્ટીયરીંગ કમિટીની બેઠક યોજાઈ હતી. જેમાં પાણીજન્ય રોગો, પીવાના પાણીના ક્લોરીનેશન, જંતુનાશક દવાઓ, મેલેરિયલ ઓઈલ, ટીસીએલ પાવડર વગેરે દવાઓના જથ્થાની સ્થિતિ, હોટલ - લોજ સહિત ખાણીપીણીના સ્થળો તથા બરફ અને બરફની બનાવટોના કારખાનાઓની તપાસની ચર્ચા સાથે આયોજન કરવામાં આવ્યું હતું.



જિલ્લા વિકાસ અધિકારી નવનાથ ગવ્હાણે એ ખાસ દરેક હેલ્થ સેન્ટર પર પાવર બેકઅપની વ્યવસ્થા, તમામ દવાઓના જથ્થા પર ધ્યાન આપી તમામ ચીફ ઓફિસર અને ટીએચઓને અઠવાડિક બેઠક યોજી ગ્રામ્ય વિસ્તારોમાં સ્વચ્છતા જાળવવા તેમજ પાણીજન્ય રોગોનો ઉપદ્રવ ન થાય તે માટે તાકીદ કરી હતી. આ સાથે જ હવાથી ફેલાતા રોગ તેમજ હિપેટાઈટિસ, કોલેરા જેવા રોગના દરેક કેસ પર સતત નજર રાખી તેને અટકાવવા માટેના પગલાંઓ હાથ ધરવા તથા મેલેરિયા, ડેન્ગ્યુંને અટકાવવા ફોગિન્ગ, પાણીના નિકાલ તથા ગ્રામજનોને સમજૂત કરવા વિષે કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું. આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સિંઘ, જિલ્લા મેલેરિયા અધિકારી, સર્વે તાલુકા આરોગ્ય અધિકારીઓ, તમામ નગરપાલિકાઓના ચીફ ઓફિસરઓ,પાણી- પુરવઠા અધિકારી તથા અન્ય અધિકારી કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જિ.પંચા. પ્રમુખ પ્રવિણાબેન રંગાણી અને રાજાભાઈ ચાવડાની ઉપસ્થિતિમાં ગવરીદડથી રાજગઢ રોડના પેવરકામનો પ્રારંભ

ભારત હેડલાઇન, તા.૧૯

રાજકોટ તાલુકાના ગવરીદડથી રાજગઢ રોડના પેવરકામનો પ્રારંભ કરાયો હતો. જે કામની અંદાજીત રકમ રૂ.૩૦૫ લાખ છે. આ રોડથી આ વિસ્તારના ગ્રામજનોની સુખાકારીમાં વધારો થશે. આ પ્રસંગે આ વિસ્તારના ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વાંકાનેર ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, જિલ્લા પંચાયત પ્રમુખ પ્રવિણાબેન રંગાણી, રાજાભાઈ ચાવડા બેડી જિ.પં.સીટ પ્રતિનિધિ, વિજયભાઈ અજાણી, અશ્વિનભાઈ મેઘાણી મોરબી જિલ્લા ભાજપ ઉપપ્રમુખ, ભરતભાઈ ખાનપરા, લઘુ ઉદ્યોગ સેલ પ્રદેશ કારોબારી સભ્ય, કિશોરભાઈ તાલપરા, રાજુભાઈ અજાણી, ભરતભાઈ અજાણી,



વસંતભાઈ સોરઠીયા, કરમશીભાઈ અજાણી, સુખાભાઈ અજાણી, હરેશભાઈ કમાણી, સરપંચ રાજગઢ રુદ્રદત્તસિંહ જાડેજા, ધનરાજભાઈ ડોડીયા મંત્રી બક્ષીપંચ મોરચો, નરોતમભાઈ પરમાર મહામંત્રી અનુ.મોરચો, હરિભાઈ પરમાર, મનોજ ચૌહાણ પ્રમુખ તા.ભા.અનુ.મોરચો, અમિતભાઈ ગોહેલ, સૂર્યકાંતભાઈ પરમાર વગેરે ગ્રામજનો તથા આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ ગ્રામ્યના લેન્ડગ્રેબીંગના ત્રણ કેસમાં FIR દાખલ કરવા આદેશ

રાજકોટ કલેકટર કચેરી ખાતે ગઈકાલે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષસ્થાને યોજાયેલ લેન્ડગ્રેબીંગ કમીટીની ખાસ બેઠકમાં ત્રણ કેસોમાં પોલીસ ફરિયાદ દાખલ કરવા આદેશ આપવામાં આવેલ છે. આ ત્રણેય કેસો રાજકોટના ગ્રામ્ય વિસ્તારના અને ખાનગી જમીનો પર પેશકદમી વાળા હોવાનું જાણવા મળ્યું છે. લેન્ડગ્રેબીંગ કમીટીની આ બેઠકમાં ૬૯ જેટલા કેસો હિયરીંગમાં મુકવામાં આવેલ હતા જેમાંથી ૧૩ કેસોમાં સમાધાન થવા પામેલ હતું, વધુ તપાસની જરૂર જણાતા અન્ય બે કેસમાં ફેર તપાસનો હુકમ કરવામાં આવેલ હતો જયારે બાકીના કેસો દફતરે કરવામાં આવેલ હતા આ બેઠકમાં જિલ્લા પોલીસ વડા જયપાલસિંહ રાઠોડ, પ્રાંત અધિકારીઓ, ડે.કલેકટરો સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અહીં એ ઉલ્લેખનીય છે કે જિલ્લાના લેન્ડગ્રેબીંગના મોટાભાગના કેસોનો લેન્ડગ્રેબીંગ કમીટી દ્વારા નિકાલ કરી દેવામાં આવેલ છે.